# ખોવાયેલી સમીરા રેડ્ડી ફરી 'નામ' કરી શકશે?


**સેકન્ડ ઈનિંગ્સ**

અજય દેવગણ અત્યારે જે ફિલ્મોમાં વ્યસ્ત છે તેમાંની એક 'નામ' છે. અજય સામાન્યપણે પોતાની હીરોઈન તરીકે તબુને પસંદ કરે છે પણ તે ઉપલબ્ધ ન હોય તો સાઉથની કોઇ એવી અભિનેત્રીને સ્થાન આપે છે જે સાવ છોકરી જેવી ન હોય, કમ સે કમ 35-40 વચ્ચેની હોય. તેણે પડદા પર એકદમ હોટ સેકસી દશ્યો તો ભજવવાં નથી કે પહાડોમાં રોમાન્સ કરવા જવું નથી એટલે માફકસરની કોઇ અભિનેત્રી પસંદ કરે છે. 'નામ'માં તેની સાથે સમીરા રેડ્ડી છે. તે હવે 45ની થઇ છે પણ અજય માટે માફકસર જ કહેવાય. સમીરા એક સમયે ઘણી સારી ચાલતી હતી. ત્રેવીસેક વર્ષ પહેલાં તેણે તમિલ ફિલ્મ સિટીઝન નામની રાજકીય એકશન ફિલ્મથી શરૂઆત કરેલી અને પછી સંજય દત્ત સાથે 'મેંને દિલ તુઝકો દિયા'માં આવી તે તેની હિન્દી ફિલ્મની શરૂઆત હતી. સંજય દત્તે તેના ખાસ દિગ્દર્શક મિત્ર સંજય ગુપ્તાની 'મુસાફીર'માં કામ અપાવ્યું. સમીરાના નામનો સમીર વહેવા લાગ્યો. એ વખતે તે સંજય દત્તની ખાસ બની ગયેલી એટલે 'પ્લાન' નામની ફિલ્મમાં પણ પ્રિયંકા ચોપરા છતાં સ્થાન મેળવેલું.એ સમય એકશન ફિલ્મોનો હતો, જેમાં હીરોઈનનું કામ જરા જૂદું હોય. બહુ વધારે ન હોય પણ ગ્લેમરસ તો દેખાવું જ પડે. સમીરા રેડ્ડી એ ખાનામાં પર્ફેકટ બેસી ગઇ. તે વખતે તેણે નાના પાટેકર સાથે 'ટેકસી નંબર 9-2-11'માં 'નકશા' અને 'ફુલ એન્ડ ફાઈનલ'માં સની દેઓલ સાથે 'દે ધનાધન'માં અક્ષયકુમાર સુનિલ શેટ્ટી સાથે 'આક્રોશ' અને 'તેજ'માં અજય દેવગણ સાથે કામ કર્યું તે પણ પોતાની કોઇ ખાસ જગ્યા ન બનાવી શકી એટલે ભુલાવા માંડી.

હવે તે અજય દેવગણ સાથે આવે છે ત્યારે તેની છેલ્લી રજૂ થયેલી ફિલ્મ 2013ની 'વરાદનાયકા' છે અને હિન્દી પૂછો તો 'ચક્રવ્યૂહ' છે. જેમાં તે માત્ર ડાન્સ માટે આવી હતી. હીરોઇન તરીકે ન ચાલી શકતી અભિનેત્રીઓને આઈટમ ગર્લ બનાવવાનો રિવાજ ચાલે છે. હવે તે 'નામ'માં ફરી નામ કાઢશે? અજય દેવગણ જે ફિલ્મમાં હોય તેમાં બને ત્યાં સુધી અજય પર જ ફિલ્મનું ફોકસ હોય છે. સમીરાએ ફિલ્મ નકારી નથી કારણ કે કોઇ તેને કામ આપતું નથી. હા, વચ્ચે એક મોબાઈલ ગેમમાં તે યોદ્ધા રાજરાણી તરીકે આવી હતી જે રિલાયન્સ મોબાઈલ વર્લ્ડ અને આઈડ્યા સેલ્યુર જેવા લિડીંગ નેટવર્કસ વડે રિલીઝ થયેલી. મૂળ મુંબઈની સમીરા દસેક વર્ષ પહેલાં અક્ષય વર્દે નામના મરાઠી પુરુષને મહારાષ્ટ્રીયન વિધિથી પરણી છે એટલે હવે પહેલાં કરતાં વધારે મુંબઈની થઇ છે એટલે લગ્ન પછી ખોવાઈ નથી ગઇ પણ અભિનેત્રી તરીકે તો અજય દેવગણ જેવાએ યાદ કરી તો જ પાછી ફરી છે. સમીરા પોતાને 'ટોમબોય'તરીકે ઓળખાવતી હતી પણ 45મા વર્ષે તો ટોમબોય કયાંથી રહે? હવે 'નામ'થી ખબર પડશે કે તેને કેવી રીતે સંબોધવી? અજય દેવગણ જેવા હીરો હશે ત્યાં સુધી સમીરા જેવીને તક મળશે એ પાકું. ●



**સંજય દત્તે તેના ખાસ દિગ્દર્શક મિત્ર સંજય ગુપ્તાની 'મુસાફીર'માં કામ અપાવ્યું. સમીરાના નામનો સમીર વહેવા લાગ્યો. એ વખતે તે સંજય દત્તની ખાસ બની ગયેલી એટલે 'પ્લાન' નામની ફિલ્મમાં પણ પ્રિયંકા ચોપરા છતાં સ્થાન મેળવેલું.**



# નિષ્ફળ ન જવાની શરતે સકસેસ થયેલો શરત સક્સેના

**સ્કિન શૉટ**

કેટલાક અભિનેતા એવા હોય છે કે જે શાકમાં નમક જેવા યા હળદર મરચાં જેવા હોય છે. લોકો શાક ખાતી વેળા તે જેનું બનેલું હોય તે વિશે કહેશે, પણ નમક મરચાં બાજુ પર. શરત સકસેના એવા જ અભિનેતા છે. તેણે અઢીસોથી વધુ ફિલ્મોમાં કામ કર્યું છે છતાં તેના વિશે કયારેક જ કોઇ વાત કરે છે. તે હીરો નથી, કોઈ મોટો વિલન નથી. તે ઘણા પ્રકારની ભૂમિકા કરી ચૂકયા છે અને આજે 74મા વર્ષે પણ કરે છે. શરત સકસેના કહે છે કે લોકો ફિલ્મ સ્ટાર્સની ચર્ચા કરે છે, પણ અમારી નથી કરતા. અમને કોઇ પાર્ટીમાં ય ન બોલાવે કે ફિલ્મના પ્રમોશનમાં પણ કોઇ ન પૂછે. અમારા અંગત જીવન વિશે ય કોઇ વાત ન કરે. ફિલ્મના સેટ પર અમે સ્ટાર્સથી વહેલા પહોંચનારા હોઇએ પણ તોય એવું ન લાગે કે ત્યાં અમારી કોઇ રાહ જોઇ રહ્યું છે.


શરત સકસેનાએ અમિતાભ બચ્ચન અભિનીત નરેન્દ્ર બેદી દિગ્દર્શિત 1974ની ફિલ્મ 'બેનામ'થી ફિલ્મજગતમાં પ્રવેશ કરેલો. ત્યારથી આજ સુધી દરેક મોટા સ્ટાર્સ સાથે નાની-મોટી અનેક ફિલ્મોમાં તેણે કામ કર્યું છે. હિન્દી જ નહીં તમિલ, તેલુગુ, મલયાલમ, પંજાબી ફિલ્મોમાં પણ કામ કર્યું છે. પણ તે કહે છે કે કામ તો બહુ કર્યું પણ મારા ઘરમાં આજે પણ એ જ 40 વર્ષ જૂનું એનું એ જ ફર્નિચર છે. મારા ઘરમાં એ જ ટેલબ છે, જે મેં પોતે જ બનાવેલું. 17 ઓગસ્ટ 1950માં મધ્ય પ્રદેશમાં સતના જિલ્લામાં જન્મેલા શરત સકસેનાએ ભોપાલમાં ઘણો સમય વિતાવ્યો છે. ત્યાં જ તે ભણેલા. 11મી-12મી જબલપુરમાં ભણ્યા અને પછી એંજિનિયરીંગ પણ જબલપુરમાં કર્યું. પણ તેમને અભિનેતા બનવું હતું. ફિલ્મોમાં કામ કરવું હતું એટલે એક દિવસ મુંબઇ આવતી ટ્રેન પકડી લીધી. બસ ત્યારથી એટલે કે 1972થી તે મુંબઈમાં છે. તેમને હંમેશા સહાયક ભૂમિકા જ મળી. હા, પાછલાં વર્ષોથી તેમને થોડી મોટી ભૂમિકા મળે છે પણ તે અમરીશ પુરી, કાદરખાન, અનુપમ ખેર વગેરે જેવી અને જેટલી નહીં. તે 'મિસ્ટર ઈન્ડિયા'માં ડાગાની ભૂમિકામાં હતો, 'ત્રિદેવ'માં ઈન્સ્પેકટર સુરજ સીંઘ હતો, 'ઘાયલ'માં કેપ્ટન ડેકા હતો, 'ગુપ્ત'માં વિલાસરાવ મ્હાત્રે નામના યુનિયન લીડર હતો, શાહરૂખ અભિનીત 'ડુપ્લીકેટ'માં ઢીંગરાનું પાત્ર ભજવેલું. અમિતાભ સામે 'બાગબાન'માં અમિતાભના મોટા ભાઇ રામ અવતારની ભૂમિકામાં હતો. 'ક્રિશ'માં ડો. આર્ય બનેલા નસીરુદ્દીન શાહના સિનીયર સિકયુરીટી ઓફિસર વિક્રમ સિંહાની ભૂમિકામાં હતો, 'બજરંગી ભાઈજાન'માં તે કરીના કપૂરના પિતા દયાનંદ પાંડેની ભૂમિકામાં હતો. તેણે ટી.વી. સિરીયલોમાં ય કામ કર્યું છે અને 'મહાભારત'માં તેણે કીચકની ભૂમિકા ભજવેલી. હા,ઘણાને તે 'ફિર હેરાફેરી'ના તોતલા શેઠ તરીકે યાદ છે, પણ તે પહેલાં 'ગુલામ'ની રોની સીંઘની ભૂમિકામાં યાદ કરો કારણ કે ફિલ્મફેરવાળાએ તેને શ્રેષ્ઠ વિલનના એવોર્ડ માટે નોમીનેટ કરેલો. શરત માટે તો નોમીનેશન પણ એવોર્ડ જેવું જ છે. હા, તે મુંબઇ તો હીરો બનવા આવેલો, પણ જે કાંઇ બન્યો તેનાથી ખુશ છે. તેને કામની ખોટ પડી નથી કારણ કે તે ટી.વી.માં પણ કામ માટે તૈયાર છે. તે કહે છે કે અમને વરણાગી ન પોષાય, જે મળે તે કામ કરી લેવું અને પૈસા લઇ ઘર ભેગાં થવું. અત્યારે પણ તેની પાસે 'કભી ભી કહીં ભી' ફિલ્મ છે, જેમાં તેની મોટી ભૂમિકા છે, 'મોર્જિન' નામની ફિલ્મમાં પણ તેને સારી ભૂમિકા મળી છે. 'નામ' ફિલ્મમાં અજય દેવગણ સામે તે મહત્ત્વ સ્થાપવા મથે છે. 'હેરાફેરી-3'માં તે ફરી કોમેડી કરશે. આ ઉપરાંત ઘણી ફિલ્મો અને ટી.વી. સિરીયલો છે અને તેમાં 'વેલકમ ટુ બજરંગપૂર' પણ છે. શરત સકસેના કહે છે કે મારે મારી ઓળખ ઊભી કરવામાં ઘણાં વર્ષ આપવા પડયાં છે પણ હવે વધુ સારી ભૂમિકા મળે તો સંતોષ થાય છે. લોકો મને ઓળખે છે બાકી મારા કુટુંબ સાથે સુખી છું. ●



# અકસા પણ તેલુગુ ફિલ્મોથી હવે હિન્દીમાં આવી છે

**મૂવિયાના**

અમુક જ નામ અને અમુક પ્રકારની અટકવાળાં અભિનેતા-અભિનેત્રીને જ ફિલ્મોમાં પ્રવેશ નથી મળતો એટલે કોઇ પણ નામ-અટકવાળાં ફિલ્મોમાં આવી જાય છે. જો સફળ જાય તો તેમનાં નામ અટક લોકોને મોઢે ચડી જાય છે. ડેની ડેંગ્ઝોપ્પા નામ કાંઇ સરળ હતું? અમિતાભ બચ્ચન પણ હવે સહજ લાગે છે બાકી શરૂમાં નહોતું. સાઉથના એકટર એકટ્રેસ જો તેમનાં નામ યાદ કરાવવાની જીદ પકડે તો લોકો કહેશે જાવ, નથી જોવી તમારી ફિલ્મ. પણ અહીં વાત 'કર્તમભુગતમ'માં આવી રહેલી અકસા પારદાસાણીની છે. અટક પરથી તમે જાણી ગયા હશો કે તે સિંધી છે પણ હા, તે મુંબઈમાં જન્મી-ભણી છે. હા, અત્યારે તે તેલુગુ, તમિલ ફિલ્મોની એકટ્રેસ તરીકે હિન્દીમાં કામ કરી રહી છે. આમ તો તેણે સંજય ગુપ્તાની 'મુસાફરી'માં બાળ કળાકાર તરીકે પ્રવેશ કરેલો પણ પછી મલયાલમ ફિલ્મ 'ગોલ'માં તે હીરોઈન તરીકે આવી. એક વાર હીરોઈન બને તે પછી શું કામ નાની ભૂમિકામાં આવે? ફરી 'યુવથા' નામની તેલુગુ ફિલ્મમાં હીરોઈન બની અને ત્યાર બાદ એક પછી બીજી ફિલ્મો આવતી જ ગઇ અને તે સાઉથની સ્ટાર બની ગઇ. તેને થતું હતું કે હિન્દી ફિલ્મોમાં કામ કરવું જોઇએ પણ ડરતી હતી કે તેમ કરવા જવામાં સાઉથમાં હીરોઇન તરીકે ફિલ્મો મળે છે તે જતી રહેશે. તેને એ પણ ખબર હતી કે હિન્દી ફિલ્મો તેને હીરોઈન તરીકે તરત જગ્યા ન જ આપશે. તેણે 'લવ યુ ફેમિલી' નામની ફિલ્મ 2017માં કરેલી પણ તેમાં મઝા નહોતી આવી. હવે તે 'કર્તમ ભુગતમ'માં આવી છે. આ ફિલ્મમાં હેમામાલિની સાથે સગપણ ધરાવતી મધુ પણ છે. અકસા કહે છે કે આખી ફિલ્મ પ્રેક્ષકને જકડી રાખે તેવી છે અને તેથી જ તેમાં કામ કરવાની મઝા આવી છે. તે કહે છે કે સોહમ શાહ ગુજરાતી છે અને આ પહેલાં સંજય લીલા ભણશાળીની 'દેવદાસ'માં કલિકાની ભૂમિકા કરી ચૂકી છે અને 'લવ યુ ફેમિલી' પણ નિર્માતા ભરત શાહની હતી એટલે ગુજરાતી સાથે મને વધુ કામ મળે છે તેનો આનંદ છે. તે પોતે પણ ગુજરાતી બોલી જાણે છે. અકસા હિન્દી સાથે એકદમ કમ્ફર્ટ છે. તે 'જમતારા સબકા નંબર આયેગા'ની બંને સિઝનમાં એસપી ડોલી સાહુ તરીકે હતી. 'કાઠમંડુ કનેકશન' નામની વેબ સિરીઝમાં તે શિવાની ભટનાગર તરીકે હતી અને ગયા વર્ષે 'રફુચક્કર' વેબ સિરીઝમાં પણ તે દેખાઈ હતી. તે ઈચ્છે છે કે વધુ હિન્દી ફિલ્મો મળે, પણ તે મુખ્ય અભિનેત્રી યા જોરદાર પાત્ર હોય એવી જ ફિલ્મો ઈચ્છે છે. ●



# શ્રેયસ તળપદે કર્મફળની રાહ જુએ છે

**એક્ટર્સ લાઈફ**

ફિલ્મોમાં સફળ થવા માટે એક ખાસ ઈમેજ બનવી જરૂરી હોય છે. જો તેવી ઈમેજ ન બને તો અભિનેતા યા અભિનેત્રીની કારકિર્દી દિશાહીન બની રહે છે. આ ઈમેજ ત્યારે બને છે, જયારે કળાકારને તેની અંદર રહેલી પ્રતિભા દર્શાવવા યોગ્ય પાત્રો મળી રહે અને એ પાત્રોવાળી ફિલ્મ સફળ થાય. શ્રેયસ તળપદે ઘણો વખતથી પોતાની ઈમેજની શોધમાં છે અને તે સ્પષ્ટ નથી થતી એટલે તેની કારકિર્દી પણ ધીમી ચાલે છે. તે એક સારો અભિનેતા છે પણ મધ્યમ વર્ગીય ચહેરો અને શરીર ધરાવવાના કારણે 'હીરો' તરીકે એકદમ મનોરંજક ફિલ્મોનો હિસ્સો બની શકે તેમ નથી. અમોલ પાલેકર, અમિતાભ કે રાજેશ ખન્ના ન બની શકશે તેના જેવી આ વાત છે. પણ તેના જેવા બીજા પણ છે જેમકે રિતેશ દેશમુખ, નવાઝુદ્દીન સિદ્દીકી, રાજકુમાર રાવ અને આમ તો મનોજ વાજપેયી પણ. શ્રેયસને ખાસ ભૂમિકા ચમકાવતી 'કર્તમ ભુગતમ' ફિલ્મ થિયેટરોમાં રજૂ થઇ રહી છે અને તે પણ માત્ર હિન્દી નહીં હિન્દી સહિત કુલ પાંચ ભાષામાં. કયારેક કોમેડી કરતો, કયારેક ગંભીર બની જતો. શ્રેયસ આ વખતે રહસ્યમય થ્રીલરમાં આવ્યો છે. આ ફિલ્મની ટેગ લાઇન છે. 'બદલ રહી હૈ ગ્રહોં કી ચાલ, મીલનેવાલા હે કર્મોકા ફલ' સોહમ શાહ કે જેણે અગાઉ 'કાલ' અને 'લક' જેવી ફિલ્મો બનાવી એક ખાસ જગ્યા ઊભી કરી છે તેની આ ફિલ્મ છે. શ્રેયસ માટે આ એક જૂદી ફિલ્મ બનશે કારણ કે 'ગોલમાલ રિટર્ન્સ', 'ગોલમાલ-3', 'હાઉસફુલ-2' જેવી ફિલ્મોથી તેની ઈમેજ કોમેડિયનની બની છે તો 'ઈકબાલ', 'ડોર', 'વેલકમ ટુ સજ્જનપૂર' વગેરે ફિલ્મોમાં તે મધ્યમવર્ગીય યુવાન હતો જેના નાના નાના સંઘર્ષ હોય. શ્રેયસ કોમેડીમાં સારો ચાલે છે, પણ એવી જ ભૂમિકામાં તે સતત આવવાથી બચે છે નહીંતર રાજપાલ યાદવ, જોની લિવરની જગ્યા મળી જાય. તે પોતાના કામ વિશે સભાન છે એટલે જ હિન્દી ઉપરાંત મરાઠી ફિલ્મોમાં કામ કરે છે અને ત્યાં તો તેણે 'પોસ્ટર બોયઝ' નામની ફિલ્મ નિર્માતા તરીકે બનાવી છે. તેને તો ટી.વી. પર કામ કરવાનો ય વાંધો નથી અને ત્યાં સતત કામ કરે છે. ગયા વર્ષે તે 'માઝી તુમી રેશમગાંઠ'માં મુખ્ય ભૂમિકામાં આવેલો. તે પહેલાં 'માય નેમ ઈઝ લખન'માં તે મુખ્ય ભૂમિકા કરી ચૂકયો હતો. તેણે 'તુમચા આમચા સેમ અસ્તા' નામની સિરીયલ નિર્માતા તરીકે બનાવેલી. શ્રેયસને કામ જોઇએ. તમે 'પુષ્પા: ધ રાઈઝ' ફિલ્મ જોઇ હતી. તેમાં અલ્લુ અર્જુનનો જે અવાજ છે તે તેનો નહીં, શ્રેયસનો છે. હા તે ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ રોકડી કરી લે છે. પણ આવનારા સમયમાં તે મોટા પડકાર સાથે પેશ આવશે. કંગના રનૌતે બનાવેલી 'ઈમરજન્સી'માં અટલબિહારી વાજપેયીની ભૂમિકા શ્રેયસે કરી છે. તે આ જ રીતે પોતાને સાબિત કરતો રહે છે. હમણાં તેની 'લવ યુ શંકર' રજૂ થયેલી, પણ હવે તેની 'વેલકમ ટુ ધ જંગલ', 'ફાઈનલ ટ્રેપ', 'કપકપી', 'સિંગલ સલમા' સહિત 13-14 ફિલ્મ સાથે આવશે. એ ફિલ્મોમાં 'પ્રોજેકટ કાહુતા' અને 'વેલકમ ટુ બજરંગપૂર', 'મન્નુ ઔર મુન્ની કી શાદી' જેવી ફિલ્મો પણ છે. શ્રેયસ તળપદે અત્યારે તો 'કર્તમ ભુગતમ'નું કર્મફળ જોવા આતુર છે. 2004માં દીપ્તિને પરણેલો શ્રેયસ અત્યારે એક સંતાનનો પિતા છે. ગયા વર્ષે તેને હૃદયરોગનો હુમલો આવ્યો હતો અને એંજોપ્લાસ્ટી કરાવી હતી પણ હવે બરાબર છે અને કામમાં ડૂબેલો છે. ●